**વિકલ્પ**

★ દીપક આશર

# સપનાના મનોરથ અને ભણતરના ભારે બોજ વચ્ચે ઝૂલતું દેશની શ્રેષ્ઠ ઇજનેરી સંસ્થાનું ભવિષ્ય

મુંબઈના પોશ વિસ્તાર પવઈમાં આવેલી અને દેશભરમાં જેનું ભારે નામ છે એવી ઈન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઓફ ટેક્નોલોજી (IIT-બોમ્બે) ફરી એકવાર ચર્ચાના ચકડોળે ચડી છે. ૧૮ સપ્ટેમ્બરના રોજ બીટેકના બીજા વર્ષમાં ભણતા ૨૦ વર્ષના હોનહાર વિદ્યાર્થી સાહિલ વાકોડેએ પોતાના હોસ્ટેલના રૂમમાં ગળે ફાંસો ખાઈને જીવન ટૂંકાવી લીધું હતું! સાહિલના આકસ્મિક અવસાન બાદ જે વિવાદનો વંટોળ ઊભો થયો છે, તેણે આખા કેમ્પસને હચમચાવી મૂક્યું છે. એક બાજુ પરીક્ષામાં કાપલી કે મોબાઈલથી ચોરી કરવાના આક્ષેપો છે, તો બીજી બાજુ IIT જેવી ઉચ્ચ શિક્ષણની સંસ્થાઓમાં ચાલતા જ્ઞાતિવાદી ભેદભાવ અને વિદ્યાર્થીઓ પરના માનસિક દબાણના ગંભીર આક્ષેપો છે. હવે જ્યારે પોલીસને પરીક્ષા હોલના સીસીટીવી ફૂટેજ મળ્યા છે, ત્યારે આ આખો કિસ્સો વધુ નાજુક અને ગંભીર વળાંક લઈ રહ્યો છે.

મુંબઈ પોલીસની ક્રાઈમ બ્રાન્ચ આ કેસની ઝીણવટભરી તપાસ કરી રહી છે. એસીપી ધરમવીર બંસોડની આગેવાની હેઠળની ટીમે પરીક્ષા હોલના ૧૨:૩૦થી ૧:૦૦ વાગ્યા સુધીના સીસીટીવી ફૂટેજ કબજે કર્યા છે. ફૂટેજમાં જોવા મળે છે કે બપોરે ૧૨:૩૦થી ૧૨:૪૫ વાગ્યાના સમયગાળા દરમિયાન, જ્યારે પરીક્ષા પૂરી થવામાં થોડી જ મિનિટો બાકી હતી, ત્યારે સાહિલ પોતાની સીટ પર થોડો નમે છે અને પોતાના ખિસ્સામાં રાખેલી કોઈ વસ્તુ તરફ વારંવાર જુએ છે. એ સમયે પરીક્ષામાં સુપરવાઈઝર (નિરીક્ષક) તરીકે ફરજ બજાવી રહેલા પ્રોફેસર સૂર્યનારાયણ દુલ્લાની નજર સાહિલ પર પડે છે. પ્રોફેસર તેની પાસે જાય છે, તેની સાથે પૂછપરછ કરે છે અને તેને બીજા વિદ્યાર્થીઓથી અલગ બાજુમાં લઈ જાય છે. થોડી જ વારમાં સાહિલ પરીક્ષા હોલમાંથી બહાર નીકળી જતો દેખાય છે. પોલીસ અધિકારીઓના જણાવ્યા મુજબ, પરીક્ષા હોલમાંથી બહાર નીકળ્યા બાદ સાહિલ કેમ્પસમાં જુદી જુદી જગ્યાએથી પસાર થઈને

**અનામત વર્ગમાંથી આવતા વિદ્યાર્થીઓને કેમ્પસમાં અદૃશ્ય ભેદભાવ કે માનસિક લઘુતાગ્રંથિનો ભોગ બનવું પડે છે કે નહીં, તેની તટસ્થ તપાસ થવી જરૂરી છે**

બપોરે ૧:૨૫ વાગ્યે પોતાના હોસ્ટેલના રૂમમાં પહોંચ્યો હતો. એ પછી તે રૂમમાંથી બહાર નીકળ્યો નહોતો અને બાદમાં તેનો મૃતદેહ મળી આવ્યો હતો.

IIT બોમ્બેના ફેકલ્ટી ફોરમ અને સંસ્થાના આંતરિક સૂત્રોના જણાવ્યા મુજબ, પરીક્ષા દરમિયાન પ્રોફેસર દુલ્લાએ સાહિલને મોબાઈલ ફોનનો બિનઅધિકૃત ઉપયોગ કરતા પકડ્યો હતો. IITએ શરૂઆતમાં જાહેર કરેલા એક નિવેદનમાં દાવો કર્યો હતો કે સાહિલ પરીક્ષામાં ગેરરીતિ આચરતો પકડાયો હતો. તે પોતાના સ્માર્ટફોન વડે પ્રશ્નપત્ર આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ એપ પર અપલોડ કરીને જવાબો શોધવાનો પ્રયાસ કરી રહ્યો હતો. પ્રોફેસરે આ ઘટનાને એકેડેમિક માલપ્રેક્ટિસ (શૈક્ષણિક ગેરરીતિ) ગણાવીને તંત્રને જાણ કરી હતી.

જોકે, આ નિવેદન બહાર આવ્યા બાદ ભારે હોબાળો મચ્યો હતો. સાહિલના પરિવારે અને વિદ્યાર્થી મંડળોએ આક્ષેપ કર્યો કે તપાસ પૂરી થાય તે પહેલાં જ સંસ્થાએ મૃતક વિદ્યાર્થીને ‘ચોર’ ઠેરવીને પોતાનો બચાવ કરવાનો પ્રયાસ કર્યો છે. વિરોધને પગલે IIT બોમ્બેએ પોતાના અગાઉના નિવેદન બદલ જાહેરમાં માફી માગવી પડી હતી અને સ્વીકાર્યું હતું કે તપાસ પ્રક્રિયા ચાલુ હોય ત્યારે આવા તારણો જાહેર કરવા અયોગ્ય હતા. સાહિલના પરિવારજનોનો આક્રોશ ચરમસીમાએ છે. સાહિલના માતા-પિતાએ ગંભીર આક્ષેપ કર્યો છે કે તેમના પુત્રને માત્ર પરીક્ષામાં ચોરીના નામે જ નહીં, પરંતુ તે અનુસૂચિત જાતિ સમુદાયમાંથી આવતો હોવાથી સંસ્થામાં સતત જ્ઞાતિવાદી માનસિક ત્રાસ આપવામાં આવતો હતો. સાહિલની માતાએ મીડિયા સમક્ષ રડતાં રડતાં કહ્યું હતું કે, “મારા દીકરાને મારી નાખવામાં આવ્યો છે, તેને માનસિક ટોર્ચર કરવામાં આવ્યો હતો. મને ગમે તે ભોગે ન્યાય જોઈએ છે.”

પરિવારની ફરિયાદના આધારે મુંબઈ પોલીસે પ્રોફેસર સૂર્યનારાયણ દુલ્લા સામે આત્મહત્યાની દુષ્પ્રેરણા અને એટ્રોસિટી એક્ટ હેઠળ ગુનો દાખલ કર્યો છે. પરિસ્થિતિની ગંભીરતા જોઈને સંસ્થાએ પ્રોફેસર દુલ્લાને ડીનના પદ પરથી હટાવી દીધા છે અને કેસની તપાસ ક્રાઈમ બ્રાન્ચને સોંપવામાં આવી છે. જોકે, પોલીસે સ્પષ્ટ કર્યું છે કે જ્ઞાતિવાદી અત્યાચારના આક્ષેપોની પુષ્ટિ માટે હજુ સુધી કોઈ નક્કર પુરાવા મળ્યા નથી. સાહિલના મોત બાદ IIT કેમ્પસમાં ભારે અસંતોષ ફેલાયો છે અને વાતાવરણ તંગ બની ગયું છે. વિદ્યાર્થી સંગઠનોએ IIT બોમ્બેના ડિરેક્ટર પ્રોફેસર શિરીષ કેદારેને ૧૮ મુદ્દાનું માગણીપત્ર સોંપ્યું છે. તેઓ આ કેસની સીબીઆઈ તપાસની માગ કરી રહ્યા છે. આ ઉપરાંત ૧૫ ઓક્ટોબર સુધીમાં આખરી તપાસ અહેવાલ જાહેર કરવા, કેમ્પસમાં જ્ઞાતિવાદી ભેદભાવ નાબૂદ કરવા, માનસિક સ્વાસ્થ્ય માટે યોગ્ય કાઉન્સેલિંગ સુવિધા ઊભી કરવા અને ફેકલ્ટી માટે સેન્સિટાઈઝેશન પ્રોગ્રામ શરૂ કરવાની માગ કરી છે. બીજી તરફ, IIT બોમ્બેના પ્રોફેસરો અને ફેકલ્ટી ફોરમ પ્રોફેસર દુલ્લાના બચાવમાં આવ્યા છે. તેમનું કહેવું છે કે પ્રોફેસર માત્ર પોતાની સુપરવાઈઝર તરીકેની ફરજ બજાવી રહ્યા હતા. જો પરીક્ષામાં ચોરી રોકવા બદલ પ્રોફેસરો સામે આવી કાર્યવાહી થશે, તો કોઈ પણ શિક્ષક કેમ્પસમાં કડક શિસ્ત જાળવી શકશે નહીં. પ્રોફેસરોના સમર્થનમાં કેમ્પસમાં માર્ચ પણ કાઢવામાં આવી હતી. IIT બોમ્બેમાં બનેલી આ ઘટના કોઈ એકલદોકલ કિસ્સો નથી. છેલ્લા કેટલાક વર્ષોમાં દેશની પ્રીમિયર ગણાતી IIT અને આઈઆઈએમ જેવી સંસ્થાઓમાં વિદ્યાર્થીઓની આત્મહત્યાના કિસ્સા ચિંતાજનક રીતે વધ્યા છે. દેશના ખૂણે-ખૂણેથી કઠોર મહેનત કરીને આવી ઉચ્ચ સંસ્થાઓમાં પહોંચતા વિદ્યાર્થીઓ પર ભણતરનો ભારે બોજ હોય છે. એક નાની ભૂલ કે પરીક્ષામાં નિષ્ફળતા તેમના ભવિષ્યને દાવ પર લગાવી દે છે. પરીક્ષામાં કોઈ વિદ્યાર્થી ગેરરીતિ કરતા પકડાય, તો તેની સામે કાયદેસરની અને શિસ્તભંગની કાર્યવાહી ચોક્કસ થવી જોઈએ. પરંતુ એ વખતે તેની સાથે કરવામાં આવતું વર્તન અને સંવાદ કેટલો સંવેદનશીલ છે તે મહત્વનું છે. યુવાનીના ઉંબરે ઊભેલા વિદ્યાર્થીઓ અપમાન કે ડરના માર્યા આવું આત્યંતિક પગલું ભરી લેતા હોય છે. અનામત વર્ગમાંથી આવતા વિદ્યાર્થીઓને કેમ્પસમાં અદૃશ્ય ભેદભાવ કે માનસિક લઘુતાગ્રંથિનો ભોગ બનવું પડે છે કે નહીં, તેની તટસ્થ તપાસ થવી જરૂરી છે.

સાહિલ વાકોડેનો કેસ એ માત્ર એક સીસીટીવી ફૂટેજ કે ચોરી પકડવાનો મામલો નથી. આ કેસ આપણી શિક્ષણ પ્રણાલી, પરીક્ષાના તણાવ અને કેમ્પસની સામાજિક સમતુલા સામે ઊભો થયેલો એક મોટો પ્રશ્નાર્થ છે. મુંબઈ ક્રાઈમ બ્રાન્ચની તપાસમાં સત્ય બહાર આવે અને સાહિલના પરિવારને વ્યાજબી ન્યાય મળે એ જ સમયની માગ છે.

